# શહેરના ૪૨,૫૭૨ અને જિલ્લાના ૫૨,૫૯૨ નાગરિકો કન્ટેન્ટમેન્ટ ઝોનમાં

*ગાંધીનગર જિલ્લાના ચાર તાલુકામાં કુલ- ૩૬ ગામોને કન્ટેન્ટમેન્ટ એરિયા તરીકે જાહેર કરવામાં આવ્યા છે. તેમજ ગાંધીનગર મહાનગરપાલિકાના ૨૫ વિસ્તારને કન્ટેન્ટમેન્ટ એરિયા તરીકે જાહેર કરવામાં આવ્યા છે. ચાર તાલુકામાં કન્ટેન્ટમેન્ટ એરિયામાં ૫૨,૬૩૨ વ્યકતિઓનો સમાવેશ થાય છે. મહાનગરપાલિકામાં ૪૨,૭૮૨ વ્યક્તિઓ કન્ટેન્ટમેન્ટ એરિયામાં આવી રહ્યાં છે.*

### શહેરના કન્ટેન્ટમેન્ટ ઝોન ક્યા વિસ્તારમાં કેટલા ઘર

| વિસ્તાર | વસતી (નાગરિકોની સંખ્યા) | ઘર |
|---|---|---|
| સેક્ટર-૨-બી | ૪૧૭૦ | ૧૦૦૬ |
| સેક્ટર-૨-સી | ૩૫૯૮ | ૮૯૬ |
| સેક્ટર-૩-બી | ૩૪૪૬ | ૬૮૮ |
| સેક્ટર-૩-સી | ૩૪૨૦ | ૬૮૪ |
| સેક્ટર-૩-ન્યુ | ૩૭૮૦ | ૬૩૦ |
| સેક્ટર-૪-સી (પ્લોટ નં. ૫૬૧ થી ૭૧૪) | ૧૨૨૦ | ૨૭૧ |
| સેક્ટર-૫-સી | ૨૨૩૦ | ૫૦૦ |
| સેક્ટર-૭-સી | ૨૫૮૮ | ૪૦૦ |
| સેક્ટર-૭-ડી | ૧૩૧૦ | ૨૮૨ |
| સેક્ટર-૮-બી પ્લોટ નં. ૩૦૧ થી ૩૧૨ પ્લોટ નં. ૩૧૭ થી ૨૩૪ પ્લોટ નં. ૪૨૮ થી ૪૩૮ | ૪૮૨ | ૯૬ |
| સેક્ટર-૮-સી | ૧૦૮૦ | ૩૦૦ |
| સેક્ટર-૧૨ | ૩૯૦ | ૧૨૮ |
| સેક્ટર-૧૩-એ પ્લોટ નં. ૫૪૬ થી ૫૭૨ | ૧૫૩ | ૩૪ |
| પ્લોટ નં. ૫૮૫ થી ૫૯૩ | | |
| સેક્ટર-૧૩-બી | ૧૮૭૫ | ૪૪૭ |
| સેક્ટર-૧૭ (ફાયરબ્રિગેડ) | ૬૫ | ૧૫ |
| સેક્ટર-૨૧ કેટેગરી ૩ના બ્લોક ૫૯૧ થી ૬૦૦ | ૪૮૦ | ૧૨૦ |
| સેક્ટર-૨૨ પુષ્પક ફ્લેટસ વાસ્તુ નિર્માણ સોસાયટી | ૧૨૨૭ | ૩૫૦ |
| સેક્ટર-૨૩ પ્લોટ નં. ૩૮૧ એ થી ૩૯૪ એ તેમજ કેટેગરી ૧ અને ૨ | ૮૧૬ | ૨૦૦ |
| સેક્ટર-૨૪ સહયોગ એપાર્ટમેન્ટ, શિવમ એપાર્ટમેન્ટ | ૪૬૪ | ૧૦૩ |
| સેક્ટર-૨૪ ઈન્દિરાનગર | ૨૫૦૦ | ૬૦૦ |
| સેક્ટર-૨૪(શ્રીનગર) | ૪૪૭૫ | ૬૭૦ |
| સેક્ટર-૨૭ સ્વસ્તિક સોસાયટી પ્લોટ નં. ૧૦૦૩ થી ૧૧૫૪ | ૬૩૧ | ૧૫૧ |
| સેક્ટર-૨૭ એસઆરપી બેરેક ૧ થી ૭ | ૧૪૦૦ | ૬ |
| સેક્ટર-૩૦ સર્વોદયનગર | ૭૭૨ | ૨૩૬ |
| **ટોટલ** | **૪૨,૫૭૨** | **૮,૮૧૩** |

### ગાંધીનગર જિલ્લાના કન્ટેન્ટમેન્ટ ઝોન કયા વિસ્તારમાં કેટલા ઘર

| તાલુકો | વિસ્તાર | વસતિ (નાગરીકોની સંખ્યા) | ઘર |
|---|---|---|---|
| કલોલ | કલોલ અર્બન-૧ | ૫૫૦ | ૧૧૦ |
| કલોલ | કલોલ અર્બન-૨ | ૨૫૦ | ૫૦ |
| કલોલ | જામળા | ૧૩૧૦ | ૨૬૦ |
| કલોલ | વડસર(એરફોર્સ) | ૧૫૦૦ | ૩૦૦ |
| કલોલ | બોરીસણા | ૨૮૯૬ | ૫૮૦ |
| કલોલ | પલાસણા | ૨૧૩૦ | ૪૮૦ |
| કલોલ | સઈજ | ૨૭૩૧ | ૫૬૦ |
| કલોલ | છત્રાલ | ૨૮૫૦ | ૬૩૦ |
| કલોલ | રાંચરડા | ૧૮૫૯ | ૩૪૬ |
| | | ••• | |
| ગાંધીનગર | ભાટ(નાના ચિલોડા) | ૧૨૦૦ | ૨૫૦ |
| ગાંધીનગર | રાંધેજા | ૧૫૦૦ | ૩૦૦ |
| ગાંધીનગર | સરગાસણ | ૨૦૦ | ૪૦ |
| ગાંધીનગર | પેથાપુર | ૯૫૦ | ૧૯૦ |
| ગાંધીનગર | જુંડાલ | ૪૦૦ | ૯૦ |
| ગાંધીનગર | અડાલજ | ૧૩૦૦ | ૨૦૦ |
| ગાંધીનગર | ઉવારસદ | ૧૭૨ | ૬૦ |
| ગાંધીનગર | વાવોલ | ૬૫૦ | ૧૩૦ |
| ગાંધીનગર | કુડાસણ | ૬૦૦ | ૧૨૫ |
| ગાંધીનગર | રાંદેસણ | ૬૦૦ | ૧૨૪ |
| ગાંધીનગર | છાલા | ૫૬૦ | ૧૧૨ |
| ગાંધીનગર | શેરથા | ૧૧૪ | ૩૫ |
| ગાંધીનગર | ખોરજ | ૩૨૮ | ૧૨૦ |
| | | ••• | |
| દહેગામ | હાલિસા | ૧૨૦૦ | ૨૫૦ |
| દહેગામ | પાલૈયા | ૨૩૦૨ | ૪૬૦ |
| દહેગામ | હરખાજિના મુવાડા | ૩૩૧૦ | ૬૬૨ |
| દહેગામ | ઈસનપુર ડોડિયા | ૧૮૭૭ | ૩૭૫ |
| દહેગામ | વાસણા ચૌધરી | ૨૭૭૩ | ૫૫૫ |
| દહેગામ | નાંદોલ | ૧૯૮૫ | ૩૭૯ |
| દહેગામ | જિંડવા | ૨૦૭૫ | ૪૧૫ |
| દહેગામ | સગદલપુર | ૧૪૫૦ | ૨૭૮ |
| દહેગામ | દહેગામ (અર્બન) | ૪૭૯૨ | ૯૬૦ |
| | | ••• | |
| માણસા | ઈટાદરા(ફાર્મ વિસ્તાર) | ૧૦૦ | ૨૦ |
| માણસા | બદપુરા | ૧૭૨૪ | ૩૪૫ |
| માણસા | ચડાસણા | ૧૪૩૬ | ૨૮૭ |
| માણસા | પુંધરા | ૧૩૦૫ | ૩૬૦ |
| માણસા | અમરાપુર | ૧૬૫૩ | ૩૩૧ |
| માણસા | - | ૬,૨૧૮ | ૧૩૪૩ |
| - | **ટોટલ** | **૫૨,૫૯૨** | **૧૦,૭૬૯** |

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર પોલીસની કોરોના વોરિયર્સની ભૂમિકાને બિરદાવતી એક નાનકડી વિડીયો કલીપે સારૂ અકર્ષણ જમાવ્યું છે અને લોકોએ પણ કામગીરીને બિરદાવી છે.
- 'ગુજર જાયેગા યે વકત' નામક નાનકડી વિડીયો કલીપ ગાંધીનગર મનપાએ પણ બનાવી છે.
- ગાંધીનગર નજીક આલમપુર ખાતે માર્કેટ યાર્ડ શરૂ થતાં જ ગાંધીનગરમાં શાકભાજીની નવી આવક શરૂ થઈ છે. આલમપુર માર્કેટ યાર્ડ ખાતે સોશ્યલ ડિસ્ટન્સિંગનો અમલ કરાવવામાં આવી રહ્યો છે.
- ગાંધીનગર મનપાની સ્થાયી સમિતિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડાએ કોરોના વોરિયર્સનું સન્માન કરવા માટેની દરખાસ્ત સાથેનો પત્ર લખ્યો છે.
- ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.આર. રાવલે આજે વિડીયો કોન્ફરન્સીંગથી તમામ ગ્રામ્ય વિસ્તારના તબીબી અધિકારીઓ સાથે વાત કરી સ્થિતિની સમીક્ષા કરી હતી.
- રાજયના આરોગ્ય વિભાગનો હવાલો ધરાવતા નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિન પટેલે આજે રાજયના તમામ જિલ્લાના અધિકારીઓ સાથે પરિસ્થિતિની સમીક્ષા કરવા વિડીયો કોન્ફરન્સ કરી હતી.

## પાંચ કર્મયોગીઓને નાયબ મામલતદાર બનાવાયા

ગુજરાત સરકારના મહેસુલ વિભાગે આજે સાતસોથી વધુ કારકુન સંવર્ગના કર્મયોગીઓને નાયબ મામલતદાર તરીકે બઢતી આપવાના હુકમો કર્યા છે. ગાંધીનગર જિલ્લામાં ૫ કર્મયોગીઓને આ બઢતીનો લાભ મળ્યો છે. આ કર્મયોગીઓને આગામી ૧-૨ દિવસમાં નાયબ મામલતદાર તરીકેની નિમણુંકના હુકમો જારી કરી દેવામાં આવશે તેમ કલેક્ટર કચેરીના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. જેમને પ્રમોશન આપવામાં આવ્યા છે તેમાં લત્તાબેન પરમાર, ચિરાગ શાહ, પ્રકાશ દેસાઈ અને પ્રશાંતસિંહ પરમારનો સમાવેશ થતો હોવાનું જાણવા મળેલ છે.

## દેશમાં ખેડૂતો માટે સૌપ્રથમવાર ઓનલાઈન વર્કશોપનું આયોજન

હાલમાં કોરોનાને લીધે બનાસકાંઠામાં સંપૂર્ણ લોકડાઉનની સ્થિતી છે. જેમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ડીસા ધ્વારા સોમવારથી 'દાડમની ખેતી પધ્ધતિ પર ત્રિદિવસીય' ઓનલાઈન વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાતના ૨૨ જિલ્લાના ૨૨૮ જેટલાં ખેડૂતો, ગ્રામીણ યુવાનો અને મહિલા ખેડૂતોએ તેમજ રાજયના ૨૧ અધિકારીઓ ઓનલાઈન ગુગલ મીટ એપના માધ્યમથી રજીસ્ટ્રેશન કરાવી ભાગ લીધો છે.

# ગાંધીનગર જિલ્લાના મહેસૂલી કર્મયોગીઓને સુરક્ષા કીટ અપાઈ

## ગાંધીનગર જિલ્લાના મહેસુલી કર્મયોગીઓને તેમની સુરક્ષાઅર્થે ફેશશિલ્ડ, હેન્ડ ગ્લોઝ, માસ્ક અને સેનિટાઇઝરની કિટ અપાઇ

ગાંધીનગર જિલ્લા મહેસુલી તંત્રના કર્મયોગીઓ અને તેમની સાથે ખભેથી ખભો મિલાવીને કામ કરતાં અન્ય કચેરીના કર્મયોગીઓને કોવિડ-૧૯ ના સંક્રમણથી રક્ષણ કરી શકે તે માટે ફેશ શિલ્ડ, માસ્ક,, હેન્ડ ગ્લોઝ અને સેનિટાઈઝરની એક અનોખી કીટ આપવામાં આવી છે. આજે ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યના હસ્તે કલેકટર કચેરીના કર્મયોગીઓને આ કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. તાલુકા કક્ષાની તમામ કચેરીઓના મહેસુલી કર્મયોગીઓને આ કિટનું વિતરણ કરવામાં આવ્યું છે.



કોરોના વાયરસના હાહાકાર વચ્ચે આરોગ્ય કર્મીઓ, પોલીસ, સફાઈ કામદારો બાદ મહેસુલી અધિકારી-કર્મચારીઓ કોરોના વાયરસની લડાઈમાં એક સેનાપતિની જેમ પોતાની ફરજ અદા કરી રહ્યાં છે. ગાંધીનગર જિલ્લામાં શ્રમિકોને રહેવાની, જમવાની, તેમને વતનમાં મોકલવાની, પાસ ઈસ્યુ કરવા અને કવોરેન્ટાઈન સ્થળ પસંદ કરવા જેવી કોઈપણ કોવિડ-૧૯ સામેના જંગમાં જયાં જરૂરિયાત ઉભી થાય ત્યાં નિસ્વાર્થ ભાવે પોતાની ફરજ મહેસુલી કર્મયોગીઓ અદા કરી રહ્યાં છે. રાઉન્ડ કલોક પોતાની ફરજને આજે દરેક મહેસુલી પરિવારનો સભ્ય કોવિડ સામેના જંગમાં પોતાને એક સૈનિક સમજી ફરજ અદા કરે છે. સૂચના મળે ત્યારે કોઈપણ પ્રશ્ન કર્યા વિના પોતાની ફરજ અદા કરે છે.

અભિનંદનને પાત્ર મહેસુલી અધિકારી-કર્મયોગીઓને તેમની અને પરિવારની સુરક્ષા અર્થે જિલ્લા કલેકટર કચેરી, બે પ્રાંત અધિકારીની કચેરી, ચાર તાલુકા મામલતદાર કચેરીઓના ૩૦૦ કર્મયોગીઓને આ કિટ અપાઈ છે. જેમાં ફેશશિલ્ડ, બે જોડી હેન્ડ ગ્લોઝ, બે નંગ એમ-૩ માસ્ક અને સેનિટાઈઝર આપવામાં આવ્યું છે. તમામ કર્મયોગીઓની જરૂરિયાતને સંતોષવા માટે કલેકટર શ્રી ડૉ કુલદીપ આર્યના માર્ગદર્શન હેઠળ ૮૦૦ જોડી હેન્ડ ગ્લોઝ, ૬૦૦ નંગ એમ-૩ માસ્ક, ૪૦૦ નંગ ફેશ શિલ્ડ અને ૧૫૦ લિટર સેનિટાઈઝર ખરીદવામાં આવ્યું છે.

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર**
(ગુજરાત સરકારનું સાહસ)

**જાહેર નિવિદા નં.૨ સને ૨૦૨૦-૨૧**

કાર્યપાલક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, પ્રથમ માળ, જલભવન, નવા સરકીટ હાઉસ પાસે, હિંમતનગર (મો. ૯૯૭૮૪૦૬૭૪૦, ફોન નં. ૦૨૭૭૨-૨૪૬૪૨૬) દ્વારા ઈડર / તલોદ પેટા વિભાગીય કચેરી હસ્તકના (૧) મહિવાડા તા. ઈડર ગ્રામ્ય પાણી પુરવઠા યોજના અંતર્ગત નવીન કુવો ૫.૦૦ મીટર વ્યાસ અને ૩૦.૦૦ મીટર કરી આપવાની કામગીરી. (૨) ઈડર તાલુકાના મણીયોર ગામે ૨૦,૦૦૦ લીટર ક્ષમતાની ૮.૦ મીટર ઉંચી ટાંકી અને માલસામાન સહિત રાઈજીંગ મેઈન પીવીસી ૯૦ મીમી વ્યાસની પાઈપ લાઈનની કામગીરી. (૩) અહમદપુરા તા. તલોદ મુકામે ૧૦,૦૦૦ લી. ક્ષમતાની ૫.૦૦ મી. ઉંચી ટાંકી અને પાઈપ લાઈનની કામગીરી. (૪) ફલાસણ, તા. ઈડર ગ્રામ્ય પાણી પુરવઠા યોજના અંતર્ગત માલસામાન સહિત પીવીસી ૯૦ મીમી વ્યાસની પાઈપ લાઈનની કામગીરી માટેના કામની કુલ કુંમત રૂ. ૩૫.૨૦ લાખ છે. જે માટે ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી ટેન્ડર માંગવામાં આવે છે. જેના ટેન્ડર આઈ.ડી. નં. (૧) ૪૦૮૩૭૬ (૨) ૪૦૮૩૮૧ (૩) ૪૦૮૪૦૦ અને (૪) ૪૦૮૩૭૯ છે. કોન્ટ્રાક્ટર માટેની પાત્રતા ઈ-૧/ઈ-૨ અને ઉપરના વર્ગમાં નોંધણી ધરાવનાર પાસેથી માંગવામાં આવે છે. ટેન્ડર ઓનલાઈન રજુ કરવાની છેલ્લી તારીખ : ૫/૬/૨૦૨૦ના રોજ ૧૮.૦૦ કલાક સુધી. ટેન્ડર અંગેની વધુ માહિતી વેબસાઈટ www.gwssb.org, http://www.gwssb.nprocure.com, www.statetenders.com ઉપર મુકવામાં આવેલ છે. વિસ્તૃત વિગતો કચેરી સમય દરમિયાન ઉપરોક્ત કચેરી પાસેથી મેળવી શકાશે. હવે પછીના સુધારા વેબસાઈટ પર જોવા મળશે. ગ્રામ્ય પાણી પુરવઠા યોજનામાં પીવાના પાણીની સમસ્યા અર્થે ટોલ ફ્રી નં. ૧૯૧૬ પર સંપર્ક કરવો.

નામાનિ/હિંમત/૨૪/૨૦૨૦

## લેકાવાડા પાટીયા પાસે કારમાં પીધેલા બે શખ્સો ઝડપાયા

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર-ચિલોડા માર્ગ પર લેકાવાડા ગામના પાટીયા પાસે ચિલોડા પોલીસ વાહન ચેકીંગ કરી રહી હતી તે દરમિયાન જી.જે.૧૮.બી.ડી.૪૯૧૬ નંબરની આઈટેન કાર ઉભી રખાવી હતી. કારમાં સવાર અમિતકુમાર રમેશભાઈ પટેલ (સે-૨૭શિવમ સોસાયટી) અને દિનેશકુમાર ભીખાભાઈ પ્રજાપતિ (સે-૨૬ કિસાનનગર)બંને શખ્સો પીધેલી હાલતમાં પકડાયા હતા. જેને પગલે ચિલોડા પોલીસે ગુનો નોંધી બંન્ને શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## સેકટર-૨૪ ખાતે યુવક પર ધોકા વડે હુમલો

લોકડાઉનના સમયગાળા દરમિયાન શહેરના સેકટર-૨૪ ઈન્દીરાનગર ખાતે ઘરમાં પાન મસાલા અને ગુટખાનું વેચાણ કરતા યુવાન સામે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ મુદ્દે અદાવત રાખી યુવાને પાડોશમાં રહેતા યુવક પર ધોકા વડે હુમલો કર્યો હતો. રોનક શંકરભાઈ રાવળની ફરીયાદ અનુસાર તે બપોરના અરસામાં ઘરેથી દુધ લેવા માટે નીકળ્યો હતો. ત્યારે તેની બાજુમાં રહેતા ટીકાભાઈ વેલાભાઈ રાવળ મળ્યા હતા. તેમણે મારા ઘરે લોકડાઉનમાં તમાકુ મસાલાની રેઈડ તે જ પડાવી હતી તેમ કહીને યુવકને ધોકા વડે માર મારતા ઈજા પહોંચતા યુવકે સારવાર બાદ પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# સેકટર-૧૩/એ, સેકટર-૨૩ અને ૨૪ના અમુક વિસ્તારનો કન્ટેન્ટમેન્ટ એરિયામાં સમાવેશ

ગાંધીનગર

ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારમાં આવેલા સેકટર- ૨૩, ૧૩/એ અને ૨૪ ના અમુક વિસ્તારને ગઈકાલે મહાનગરપાલિકાના કમિશનરશ્રી દ્વારા જાહેરનામું બહાર પાડીને કન્ટેન્ટમેન્ટ એરિયા તરીકે જાહેર કરવામાં આવ્યા છે.

ગાંધીનગર મહાનગર પાલિકાના કમિશનર શ્રી રતનકંવર ગઢવીચારણે જાહેરનામામાં જણાવ્યું છે કે, હાલમાં વિશ્વભરમાં નોવેલ કોરોના વાઈરસ કોવિડ-૧૯ ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવી છે. ભારતમાં પણ કોવિડ-૧૯ના કેસો નોધાયેલ છે. જે બાબતે કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાઈરસને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકાઓ જાહેર કરવામાં આવી છે. કોરોના વાયરસના સંક્રમણને ધ્યાને લેતાં સેકટર-૨૩ના ૨૫ મીટર પહોળા રીંગ રોડને સમાંતર આવેલા પ્લોટ નંબર- ૩૮૧/એ થી પ્લોટ નંબર- ૩૯૪/એ, તેમજ કેટગરી-૧ અને ૨ ને આવરી લેતા વિસ્તારને કન્ટેન્ટમેન્ટ એરિયા જાહેર કરવામાં આવે છે. જેમાં અંદાજીત ૨૦૦ ધરોમાં રહેતા ૮૧૬ જેટલી વ્યક્તિઓનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત સેકટર-૨૪માં બે રીંગ રોડ અને બે બાજુ ૧૦ મીટર પહોળા સાઈકલ ટ્રેક વચ્ચે આવતો ' ઈસ્લામિક કલ્ચરલ સોસાયટી' ને આવરી લેતો જ-ટાઈપ સરકારી પ્રાથમિક શાળા સામેનો શિવમ એપાર્ટમેન્ટ અને સહયોગ એપાર્ટમેન્ટ સહિતનો અંદાજીત ૧૦૩ ધરોમાં રહેતી અંદાજીત ૪૬૪ જેટલી વસ્તી ધરાવતા સમગ્ર વિસ્તારને પણ કન્ટેન્ટમેન્ટ એરિયા તરીકે જાહેર કરવામાં આવ્યો છે. સેકટર-૧૩/એના પ્લોટ નં- ૫૪૬ થી ૫૭૨ તથા પ્લોટ નંબર- ૫૮૫ થી ૫૯૩ ને આવરી લેતાં અંદાજીત ૩૪ ઘરોમાં રહેતી અંદાજીત ૧૫૩ જેટલી વસ્તી ધરાવતા સમગ્ર વિસ્તારને કન્ટેન્ટમેન્ટ એરિયા તરીકે જાહેર કરવામાં આવ્યો છે.



## જરૂરીયાતમંદ વર્ગની પ્રસુતા મહિલાઓને શિરો તથા બાળકો માટે કપડાં વિતરણ

એક તરફ કોરોના મહામારીના પગલે કોઈ સામાન્ય વ્યક્તિ સિવિલ હોસ્પિટલમાં વિના કારણ તો જવા તૈયાર જ ના થાય પરંતુ વાયરસ સંક્રમણના ડરથી નાની મોટી અન્ય બિમારીના દર્દી સારવાર માટે પણ જવાનું ટાળી રહ્યાં છે પરંતુ કોરોના વોરિયર્સ સમા સામાજિક સેવાના સ્વયંસેવકો તેમની સેવામાં પાછા પડતાં નથી. ગાંધીનગરની સિવિલ હોસ્પિટલમાં દાખલ જરૂરીયાતમંદ વર્ગની પ્રસુતા મહિલાઓને શહેરના જાણીતા મહિલા કોર્પોરેટર હર્ષાબા ધાંધલ દ્વારા તેમના સંતાનોને કુપોષણથી બચાવવા માતાઓને શિરાનું તેમજ બાળકો માટે કપડાં વિતરણનું સેવા કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. ? આ સદકાર્યમાં હેપ્પી યુથ કલબના કોષાધ્યક્ષ ભાવના રામી પણ જોડાયા હતાં.

# રાજ્યથી ૫૧૮ ટ્રેન દ્વારા ૭.૪૦ લાખ શ્રમિકોને વતન મોકલાયા

ગાંધીનગર, તા. ૧૯

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના દિશાનિર્દેશનમાં રાજ્ય સરકારના વહિવટી તંત્રએ ભારત સરકાર સાથેના સંકલન દ્વારા સોમવાર તા.૧૮મી મે ની રાત્રિ સુધીમાં દેશભરમાં સૌથી વધુ ૫૧૮ વિશેષ ટ્રેન દ્વારા આશરે ૭.૪૦ લાખ જેટલા અન્ય રાજ્યોના શ્રમિકો-કામદારોને તેમના વતન રાજ્યમાં મોકલવાની સફળતાપૂર્વક વ્યવસ્થા કરી છે. મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રી અશ્વિનીકુમારે આ અંગેની વધુ વિગતો આપતા જણાવ્યું કે, ગુજરાતમાંથી તા.૧૮મી મે ની મધરાત સુધીમાં ઉત્તરપ્રદેશ માટે ૩૬૩ ટ્રેન, બિહાર માટે ૫૯ ટ્રેન, ઓરિસ્સા માટે ૪૦ ટ્રેન, મધ્યપ્રદેશ માટે ૨૫ ટ્રેન, ઝારખંડ માટે ૧૬ ટ્રેન, છત્તીસગઢ માટે ૦૭ ટ્રેન અને ઉત્તરાખંડ માટે ૦૫ ટ્રેન, મહારાષ્ટ્ર - મણિપુર - રાજસ્થાન માટે ૧-૧ ટ્રેન એમ કુલ ૫૧૮ શ્રમિક સ્પેશિયલ ટ્રેન દોડાવવામાં આવી છે. આ શ્રમિક સ્પેશિયલ ટ્રેન મારફત આશરે ૭ લાખ ૪૦ હજાર જેટલા શ્રમિકો તેમના વતન પહોંચ્યા છે. હવે, તા. ૧૯મી મે, મંગળવાર મધ્યરાત્રી સુધીમાં વધુ ૩૯ ટ્રેન દ્વારા ૬૧ હજાર પરપ્રાંતિય શ્રમિકો તેમના વતન રાજ્ય ઉત્તરપ્રદેશ, બિહાર, છત્તીસગઢ, ઝારખંડ, પશ્ચિમ બંગાળ વગેરેમાં જવા રવાના થશે.